જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૧૮/૦૮/૨૦૨૦ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૯૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૬૦ | ૦ | ૧૦૩૬૦ | ૧૬૪૩૭ | ૫ | ૧૬૪૪૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૭ | ૦ | ૪૩૩૭ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૪ | ૦ | ૪૫ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૬૨ | ૦ | ૧૪૦૬૨ | ૧૪૬૬૮ | ૨ | ૧૪૬૭૦ |
| | કુલ | ૨૮૮૦૪ | ૦ | ૨૮૮૦૪ | ૩૭૧૭૦ | ૭ | ૩૭૧૭૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૬ | ૮,૧૦,૩૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૪ | ૧,૨૪,000/- |

# ખુનના ગુનાના કામે આરોપીની અટકાયતની વિગત

## દરીયાપુર પોલીસ સ્ટેશનઃ-

## લખોટાપોળ વિસ્તારમાં થયેલ હત્યાનાં ગુન્હાનાં આરોપીને પકડી પાડતી દરીયાપુર પોલીસ

મહે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ અમદાવાદ શહેરના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર ઝોન-૪ શ્રી રાજેશ ગઢીયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર એફ ડીવીઝન શ્રી જે.કે.ઝાલા સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ દરીયાપુર સીનીયર પોલીસ ઇન્સ્પેકટર આર.આઈ.જાડેજા તથા પોલીસ ઇન્સ્પેક્ટર જે.બી.ચાવડા તેમજ સર્વેલન્સ સ્ટાફ દ્વારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તા.૧૪/૦૮/૨૦૨૦ નાં કલાક ૨૧/૪૫ વાગ્યાનાં સુમારે આ કામે મરણજનાર અશરફખાન હામીદખાન પઠાણ રહે. સોદાગરની પોળ ગલી નં.૫ કાલુપુર અમદાવાદ શહેર તથા સાહેદ અબ્દુલ કાદીર અબ્દુલ હક્ક છીપા તથા અબ્દુલ મુફીઝ ઉર્ફે ભોપો ત્રણેય જણા લખોટાપોળ સામે આવેલ હશન શહીદની દરગાહની બાજુમાં રોડ પર ઉભા હતા તે વખતે આ કામનો આરોપી નામે સાદીક ઉર્ફે સાજીદ ઉર્ફે ખાડેરાવ સ/ઓ હુસેનમીંયા સૈયદ ઉ.વ.૪૭ રહે.અરબગલી ગોલવાડ પોપટીયાવાડ દરીયાપુર અમદાવાદ શહેરનાનો એકદમ આવી આ કામે મરણ જનાર અશરફખાનને ગાળો બોલી ઝગડો કરવા લાગતા પોતાની પાસેનાં છરા વડે અશરફખાનને પેટનાં નીચે પેઢાનાં ભાગે ડાબી બાજુએ એક ઘા મારી મોત નીપજાવી અને બીજો ઘા મારવા જતા આ કામે ઈજા પામનાર સાહેદ અબ્દુલકાદીર વચ્ચે પડતા તેને ડાબા હાથે ઈજા કરી નાસી ગયેલ હોય જે આરોપી તા.૧૫/૮/૨૦૨૦ નાં રોજ બપોરનાં પોતાનાં ઘરે આવી રૂપિયા તથા કપડાની વ્યવસ્થા કરી અમદાવાદ છોડી જતો રહેનાર હોવાની બાતમી મેળવી તુરતજ બાતમીવાળી જગ્યાએ વોચ ગોઠવી આરોપી પકડી પાડી આરોપી પાસેથી ગુન્હામાં વાપરેલ હથિયાર રીકવર કરી આરોપી ને જેલ હવાલે કરી મર્ડરનો ગુન્હો શોધી કાઢી (ડીટેક્ટ કરી) પ્રશંસનીય તેમજ સારી કામગીરી કરેલ છે.

# <u>પ્રોહીબિશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>"જે" ડીવીઝન :</u>

મે. પોલીસ કમિશ્નર શ્રી  સંજય શ્રીવાસ્તવ સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રીસેકટર-૨ ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રીઝોન-૬ એ.એમ.મુનીયા સાહેબનાઓની સુચના અને માર્ગેદર્શન હેઠળ પ્રોહી-જુગાર ના કેસો શોધી કાઢવા સુચનાકરેલ જે આધારે રાજપાલસિંહ રાણા મદદનીશ પોલીસ કમિશ્નર "જે"ડીવીઝન સાહેબ નાઓએ આપેલ સુચના આધારે "જે" ડીવીઝનમાં ફરજ બજાવતા અ.પો.કો મજબુતસિહ ધનશ્યામસિહ બનં.૪૬૩૯ નાઓની ચોક્કસ બાતમી હકીકત આધારે આજ રોજ ક.૧૯/૦૦ વાગે ગામડી ચાર રસ્તા વટવા રીંગરોડ ઉપર આરોપી અમીત દિનેશભાઇ ચુનારા ઉ.વ.-૨૬ ધંધો-છુટક મજુરી રહે- ગીતા મંદિર એસ.ટી. બસ સ્ટેન્ડની પાછળ અંકુરમીલની ગલીમાં કંટોડીયાવાસ બીગ બજારની સામે કાગડાપીઠ અમદાવાદ શહેર  નાને તેના કબ્જાની પેશન પ્રો મો.સા. નં-જી.જે.૧૦ બી.એલ.૨૩૮૫ સીટની નીચે તથા પેટ્રોલની ટાંકી નીચે કંટીંગ કરી દેશી દારૂ આશરે ૫૧ લીટર જેની કિં.રૂ.૧૦,૨૦/- નો રાખી મો.સા.ની કિં.રૂ.૩૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન કિં.રૂ.૫૦૦/- તથા એરટેલ કંપનીનું સીમ કાર્ડની કિં.૦૦/૦૦ ગણી જે ઉપરોક્ત કબ્જે લીધેલ તમામ મુદ્દામાલની કુલ્લે કિં.રૂ.૩૧,૫૨૦/- સાથે પકડી વટવા પોલીસ સ્ટેશન પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઇ), ૮૧, ૯૮(૨) મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરી પ્રોહીનો કેસ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.



# <u>તડીપાર આરોપીની અટકાયતની વિગત</u>

## નરોડા પોલીસ સ્ટેશનઃ-

## શરીર સબંધી ગુનાના આરોપીને તડીપાર કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી “જી” ડીવીઝન તથા પો.ઇન્સ શ્રી જે.જી.પટેલ સાહેબ નાઓની સુચના મુજબ (૧) નરોડા પો..સ્ટેશન સે.ગુ.ર.નં-૩૦૮૩/૨૦૧૯ ઇ.પી.કો.કલમ-૨૯૪(ખ), ૫૦૬(૨) ૧૧૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) તથા (૨) ફ.ગુ.ર.નં-૧૧૨/૨૦૧૯ ઇ.પી.કો.કલમ-૩૬૩,૩૬૬, ૩૭૬(૩) તથા પોક્સો એકટ ૨૦૧૨ ની કલમ- ૩(એ) ૪ મુજબ ગુના દાખલ થયેલ હતા. જેથી મદદનીશ પોલીસ કમિ શ્રી “બી” ડીવીઝન અમદાવાદ શહેર નાઓના ક્રમાકઃબી ડીવી/હદપ/૫૦/૨૦૨૦ તા-૧૪/૦૮/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને આજ રોજ તા-૧૭/૦૭/૨૦૨૦ ના કલાક ૧૪/૦૦ વાગે તડીપાર હુકમની બજવણી કરી સદર આરોપી ને સાબરકાંઠા જીલ્લાની હદમાં આવેલ પ્રાતીજ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે .

## <u>આરોપીનુ નામ</u>

મોહમંદઅકરમ મોહમંદઇલીયાસ અબ્દુલકરીમ શેખ ઉ.વ-૨૦ રહે મુસ્લીમ નહોલ્લો પંચાયત ઓફીસ પાછળ નરોડા અમદાવાદ શહેર

## <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી</u>

સર્વેલન્સ સ્કોડ ઇન્ચાર્જ એ.એમ.પેટલ તથા એ.એસ.આઇ. જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં.૭૦૩૯ તથા પો.કો.પિયુષ નટવરલાલ બ.નં.૧૦૧૭૬ તથા પો.કો.પંકેશભાઇ ધનાભાઇ બ.નં.૪૦૫૪૬ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં.૧૩૧૮૩ તથા પ્રકાશભાઇ ભીખાભાઇ બ.નં.૧૦૮૦૯ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર તથા અભિષેક અશ્વિનકુમાર બ.નં-૭૦૦૫.

# પાસા અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશનઃ-

## શરીર સંબંધી તથા મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી એ.કે.પટેલ નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં શરીર સંબંધી તથા મિકલત સંબંધી ગુનો કરતો ઈસમ ચંન્દ્રેશ ઉર્ફે છાવો સ/ઓ ગોવિંદભાઈ ડાભી ( ઉ.વ.૨૩ રહે:લાલી તળાવના કાચા છાપરા નવરોજી હોલની સામે ડફનાળા ઘેવર રોડ શાહીબાગ અમદાવાદ શહેર ના વિરુદ્ધ શાહીબાગ પો.સ્ટે. ફ.ગુ.ર. નં.૭૮/૨૦૧૮.ઈ.પી.કો. કલમ.૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ.૧૩૫(૧) મુજબ તથા શાહીબાગ પો.સ્ટે. ફ.ગુ.ર . નં.૧૬૬/ ૧૯.ઈ.પી.કો.કલમ.૩૨૩,૩૨૪,૩૯૫,૨૯૪(ખ), તથા જી.પી.એકટ કલમ. ૧૩૫)૧ ( મુજબ ના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૮૩/૨૦૨૦ તા.૧૭/૦૮/ ૨૦૨૦ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૧૭/૦૮/૨૦૨૦ ના કલાક:૨૧/૪૫ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ,લાજપોર સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે .

આરોપીનું નામ: ચંન્દ્રેશ ઉર્ફે છાવો સ/ઓ ગોવિંદભાઈ ડાભી ( વેડુ વાઘરી ) ઉ.વ.૨૩ રહે:લાલી તળાવના કાચા છાપરા નવરોજી હોલની સામે ડફનાળા ઘેવર રોડ શાહીબાગ અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

(૧) પો.સ.ઈન્સ આર. પી. ડાભી તથા સર્વલન્સ ટીમના માણસો

(૨) ASI વિરેન્દ્રસિંહ મફુભા બ.નં.૭૬૯૮ (૩) WLRD નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪

(૪) LRD. પરેશકુમાર અણદાસભાઇ.બ.નં.૧૧૮૫૩



નરોડા **પોલીસ સ્ટેશનઃ-**

## <u>પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં-પાર્ટ-સી-૧૧૧૯૧૦૩૫૨૦૧૭૦૬/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬બી, ૬૫એઇ, ૧૧૬(૧)બી, ૯૮(૨), ૮૧ મુજબનો ગુનો દાખલ થયેલ જે આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૭૦/ ૨૦૨૦ તા-૧૪/૦૮/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૧૭/૦૮/૨૦૨૦ ના કલાક-૧૭/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

<u>કામગીરી કરનાર અધિકારી / કર્મચારી</u>

પો.સ.ઇ.એ.એમ.પટેલ તથા પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭

<u>આરોપીનુ નામ –</u>

સુધીર ચંદ્રશેખર જાતે. ક્રિશ્ચિયન ઉ.વ-૩૭ રહે.મ.નં-૧૫ પુષ્પમ નગર મદ્રાસી મંદીરની સામે ભાઇપુરા હાટકેશ્વર અમદાવાદ શહેર



## સાબરમતી **પોલીસ સ્ટેશનઃ-**

## પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

માનનીયપોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, સંયુક્તપોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે પોલીસઇન્સપેક્ટરશ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના સુપરવિઝન હેઠળ સાબરમતી પો.સ્ટે. વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે દિપક નંદુભાઇ જાડેજા (છારા) ઉ.વ.૨૯ ધંધો. છુટક મજુરી રહે. છારાનગર કાળીગામ સાબરમતી અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ ભારતીય બનાવટના વિદેશી દારૂનો કેસ કરવામાં આવેલ હોય અને સદરી આરોપીની આવી પ્રવુતી પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૮૨/૨૦૨૦ તા.૧૭/૦૮/૨૦૨૦ના રોજ હુકમ કરતા સદર હુકમ આધારે સદરી આરોપીને પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેન કરી લાજપોર જેલ સુરત ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા.૧૭/૦૮/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

(૧) LR ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭ (૨) ASIજયંતીભાઇ દેવજીભાઇબ.નં.૭૫૩૬
(3) HC કમરૂદીન હુસેનમીયાંબ.નં.૪૧૦૧ (૪) PC રાજુભાઇ સાગરભાઇ બ.નં.૫૭૯૯



## રામોલ **પોલીસ સ્ટેશનઃ-**

## **પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી રામોલ પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઇ" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન તથા અમદાવાદ શહેર વિસ્તારમા દાખલ થયેલ પ્રોહિબિશન સંબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૬૮૦/૨૦૨૦ તા.૧૬/૦૮/૨૦૨૦ થી પાસા અટકાયતી શ્રી ભુનેશ્વરસિંગ ઉર્ફે સુનિલ ઉર્ફે બુલ્લુર તેજબહાદુરસિંગ ઠાકુર ઉ.વ.૪૮ ધંધો- રીક્ષા ડ્રાઇવીંગ રહે. બી/૪૦૩ પુષ્પ રેસીડેન્સી રીંગ રોડ વસ્ત્રાલ અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ સુરત ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૧૭/૦૮/૨૦૨૦ ના ક.૧૭/૦૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૯૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૬૧૨ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩,૦૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૯૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૩૯૪/૨૦૨૦**

**કૃષ્ણનગરઃ** હરીભાઇ રેવાભાઇ પટેલ (રહે. રાધેગોવિંદ ટેનામેન્ટ ઉમા હોસ્પિટલ પાસે નરોડા નિકોલ રોડ નવા નરોડા) એ તા.૧૭/૦૮/૨૦૨૦ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૭/૨૦૨૦ ના રોજ મોબાઇલ નંબર ૯૯૧૧૯૭૬૪૬૨ ના ધારકે હરીભાઈને ફોન કરી હરીભાઈના ખાતામા રૂપિયા ૮૫૦૦/- જમા કરવાની છે તેમ કહી વિશ્વાસમાં લઇ હરીભાઈના મોબાઈલમાં આવેલ ઓટીપી નંબર માંગી ક્રેડીટ કાર્ડમાંથી છ વખત ખરીદી કરી કુલ રૂપિયા ૨,૧૬,૫૯૮/- ટ્રાંજક્શન કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

**બાપુનગરઃ** વિમલભાઇ અશ્વિનભાઇ શુકલ (ઉ.વ.૫૦) (રહે. અન્નપુર્ણા સોસાયટી ચન્દ્રપ્રસાદ દેસાઇ હોલ પાસે બાપુનગર) એ તા.૧૭/૦૮/૨૦૨૦ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૩/૨૦૨૦ થી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૯૩૩૦૧૫૯૪૨૪, ૮૪૫૨૮૦૯૭૩૨ ના ધારકે ફોન કરી દિપક શર્મા નામ જણાવી વિમલભાઇ શુકલને પેટીએમ વોલેટના કેવાયસી કરવાના બહાને વાત કરી વિશ્વાસમાં લઇ ANY DESK એપ્લીકેશનનો કોડ મેળવી વિમલભાઇ શુકલનો મોબાઇલ ફોન હેક કરીને વિમલભાઇ શુકલના નામના ડમી પેટીએમ પેમેન્ટ બેન્ક તથા બેનીફીસરી એકાઉન્ટ ખોલી વિમલભાઇ શુકલના પેટીએમ વોલેટ, મોબીવિક, નુતન નાગરીક બેન્ક, કોસમોસ બેન્ક તથા કોટક મહિન્દ્રાના ક્રેડીટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૨,૦૬,૬૨૦/- ટ્રાંઝેક્શન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ગઢવી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૫/૨૦૨૦**

**નારોલઃ** રમેશભાઇ ઇશ્વરભાઇ પટેલ (રહે. બંગ્લા નંબર-૬ પુષ્પધનવા બંગ્લોઝ તક્ષશીલા ફ્લેટ સામે વસ્ત્રાપુર) એ તા.૧૭/૦૮/૨૦૨૦ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૮/૨૦૨૦ સાજના ૭/૦૦ થી તા.૧૭/૦૮/૨૦૨૦ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન નારોલ ટર્નીગ પાસે નારોલ જી.બી.વ્હિલરસ પ્રા.લીમીટેડ નામનુ થ્રી વ્હિલર વાહન વેચવાના શો રૂમની ઓફીસની પાછળની પેંટ્રીની બારી તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તીજોરીના તાળા તોડી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૬,૩૫,૯૩૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.પી.ગઢવી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૬/૨૦૨૦**

**અમરાઇવાડીઃ** કેતનકુમાર કેશુભાઇ ચાવડા (રહે. બળિયાનગર લા.નં.૪ શીતલનગર સામે અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૮/૨૦૨૦ રાતના સમયે અજાણી વ્યક્તિ ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૭/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** થલતેજ ઝાયડસ હોસ્પિટલ પાછળ જલસા પાર્ટી પ્લોટ અંદર આવેલ ઓરડીમાં રહેતા જીતેન્દ્ર ગોવિંદજી ઠાકોર (મુળ વતન- બહુચરમાતાના પરા ગામ-રામપુરા ભંકોડા તા-દેત્રોજ જી.અમદાવાદ)તા.૧૭/૦૮/૨૦૨૦ સાજના ૫/૫૦ વાગ્યાના સુમારે જલસા પાર્ટી પ્લોટ ખાતે ઘાસ કાપવાના મશીન દ્રારા હાથે વિજ કરંટ લાગતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મસઇશ્રી ભીમાભાઇ લાખાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૮/૨૦૨૦**

**રામોલઃ** નારાયણભાઈ દિનદયાલભાઈ શર્મા (ઉ.વ.૬૫) (રહે. સોહમ સાનિધ્ય બંગ્લોઝ એસ.પી.રીંગ રોડ અદાણી સર્કલની બાજુમા રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૮/૨૦૨૦ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કૈલાશબહેન રતનસિહ ચલાવે છે.

**નારોલઃ**. નારોલ ઇસનપુર હાઇવે બાલાજી એસ્ટેટની બાજુમાં સુરત ટ્રાન્સપોર્ટની ઓફિસના ઉપરના રૂમ ખાતે રહેતા પ્રેમલાલ ભચાનસીંગ યાદવ પાસે તા.૧૪/૦૮/૨૦૨૦ ના રોજ વતનથી અમદાવાદ આવેલ ભત્રીજો ગોપાલ કિસનસીંગ યાદવ (ઉ.વ.૧૬) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૮/૨૦૨૦ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે લોખંડની પાઇપ સાથે રૂમાલ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી